... કંપની. અસલ કોપી.

પાના ૪૦

મનરંજન.

રસીક ગાયન સંગ્રહ



અમારી કંપની તરફથી પ્રગટ થયલી બુકોની લોકપ્રિયતા જોઈ
અત્રેના કેટલાક બુકસેલરે અમારી બુકોની નકલ કરવા
માંડી છે માટે ગ્રાહકોએ જે. જે. કંપનીની અસલ
કોપી વાંચીને જ ખરીદ કરવી.

પ્રકાશક:—જેકીશનદાસ ત્રીભોવનદાસ

જે. જે. એન્ડ કું.ના માલિક.

ઠે. સ્ટેશનરોડ, તાર ઑફિસ સામે—સુરત.

કીંમત ચાર આના.

ન્યુ આનંદ બહાર.

-: યાને :-

સંગીત શાસ્ત્રનો જથ્થો.

કામલતા—

તમારે આસરે હું આવી, મને નાથ છોડી ન દેસો.
પ્રેય પ્રાણ કહી બોલાવી, હવે હાથ છોડી ન દેસો.
ળું હતું કુવારૂં જ્યારે, આ મન મારૂં;
મ જ્યોત પ્રગટાવી પરણ્યા; એશુ વ્હાલા વિસારી દેસો—મને.

દયભાણ—

ાલો મારા પ્રેમી પોપટજી બોલ બોલો, બોલો બોલો મેના બાલાને
ડાલો રંગ રસીયાજી ડોલો, જરી ડોલો ડોલો (૨) પ્યારી લાવે,
મેના તારા વચનની વેણુ વાગી, લાગી લાગી લલીત લાગી.
મેના વ્હાલી મેના કે, ના કહે પણ જાગી,
જાગી જાગી અજબ જ્યોત જાગી.
પહેલા પોપટજી પ્યારા રામજી સંભારો,
વ્હા વ્હા મેના સતી સીતા શું વીસારો.
ચતુર સુજાણ સીતા રામ ઉચરાવું, પોપટજી પાંજરૂં સોનાનું સુજાવું.
લાડથી હું લાલચું નથી કે લવચાવું સોને રૂપે શું ભીડ ભીતરની ભાગું
રૂડાં સુડાં ને રંગે રંગે રમાડું ચાંચે ચાલીને ફળ મીઠાં ખવાડું.
ભાવના ભુખ્યા શું ભાવી ભાવના ભુલાવે—બોલો૦

ઉદયભાન—

પંથી પરદેશી ચિત સોપી, હું આ ચા—લી
મનને ભાવે તે કરજો પુન્ય શા—લી.

સાખી—તરસ્યાને ટીંગળાવવા, પડદે રાખી પ્રીત;
નીણ પંથી એ, કોણુ ગામની રીત.
શુભ સ લઇ સ્મરજો, હું આ ચા—લી.

સાખી—મહા મહીનાનું માવઠું, જંગલ મંગળ ગીત,
સમય વિનાનું બોલવું ત્રણુંની એક રીત.
વ્હેલા મંડપ માંહી મળજો હું આ આ...લી.

ઉદયભાણુ—

અહો દીલદાર જરી દેદાર દીવાનીને દેખાડોને
અરે લટકી અધર લટકી મરૂં ફટકી જીગર પટકી.
અરે આધાર સુધારસ સાર ચતુરાને ચખાડોને
મુખે અટકી મધુર મટકી અરે છટકી અધર છટકી.
દીલની થાપણ ઓળવી ઘટે ન કરવી ઘાત,
પ્રાણ કહો તો પાઠવું વાલમ કરવા વાત.

સાવીત્રી—

ઉભી ઉભી જોઉં વહાલા તમારી વાટડી,
જોમી રૂપ હરખ ભરાય મારી છાતડી-ઉભી.
જ્યારે— દેવે આપી છે યુવાની
નીર... નગીના બનીશું દીવાની
આનંદે ગાળીશું દીન રાતડી-ઉભી

ઉદયભાન—

વન વગડામાં ભુલી પડી; તાં અમૃત પ્યાલો પીધોરે.
પીધો લીધો સાર સૃષ્ટીનો, કોણ-અમર ત્યાં કીધોરે...પંથી
અધવચ વગડે ડીધું કરડગો, ઝેર ચઢયું છે અંગેજી
કોઇ મુરલીધર મંત્ર ભણે તો, શીતળતા થાય સંગેરે...પંથી
દુનીઆ મારી ચેસ્ટા કરતી ને ગાંડામાં ગણતીરે,
હું ગાંડી, કે દુનીઆ ગાંડી, આપ કરી દયો ગણુતીરે...પંથી

સાવીત્રી—

લાગી લગની મને તારી ઓ લલના-લાગી
સુરપતી મતી શું વીસારી
સુંદરી સચીથી અધીક સુખ આપું (૨)
પટરાણી કરી સ્થાપું ઉથાપું ન વચન મનોહારી-ઓ.

સતી દ્રૌપતી—

વારે લાલા મોહન બંસીવાલા
ઠગો છો શાનરે સલુણાં,
જાણી જાણી તમારી મેં ઠગાઈ.

પ્રીત બાંધી હવે હું પસ્તાઈ,
પસ્તાઇ પુરી કાના ઠગાઈ હું તો કાના,
રસ ભીના, રંગીલા, શરમાળા, શામળીયા–વારે૦
શાને સતાવો વાતે વાતે ઉડાવોરે...એરીલાલ.
મેં જાણ્યા સરવે ચાળા અરે જાવો નંદલાલા,
વરજલાલ ગોવાળા છબીલા છોગાળા–વારે૦

સ૦ ચ૦—

હું પરણું કદી નહીં, પીડા ધરૂં નહીં શીરે કદાપી સંસારની,
રહું બાલકુમારી, સદા બ્રહ્મચારી, હું ભકતી કરૂં વીશ્વાધારની.
પ્રીતી તણા પીંજર વીષે પરવશ થઈ પડવું નહી,
સંબંધીઓના બંધની બેડીથી તન જડવું નહીં,
આ નાટકી સંસારની દુગ્ધા મહી મરવું નહીં,
અમૃત ગણી ન વીષય વિષ પીવાનું મન કરવું નહીં,
જુઠી માયા અંધેરમાં હું પડું નહીં રહી વાત હૃદય વીચારની

સ૦ ચ૦—

પાપીનાં મોહડાં કાળાં, સતીઆની બોલબાલા,
થન થન કુટીલ મન શું કરે, તનમન કરી લે તું ભલે,
દોરી છે સહુ તુજ હાથમાં જગનાથના.
શું કરે ભલા વૃથા બડાઇ પ્રભુ કરતા, જગધરતા, સંહરતાં
અદલ ઈનસાફ તેના હાથમાં નાદાન કર ગુમાનના
પાપીની ધારણા થાય અંતે ધુળધાણી.
તજ શઠતા, દુરજનતા મન કરતાં, નીષ્ઠુરતા,

પરશુરામ—

અરે, હાં હાં, જરા ધીરે; ખેંચો ભ્રકુટી કમાન,
અરે જાઓ કરો શાને, ઘેલી અડપલાં આમ.
ધરી ભ્રકુટી કમાને, ઝેરી તો, નયન બાણે
સાંધો સામે સ્નેહીને સંધાન—
જાણે શું; હું બાળા ભોળી, કરો શાને આ ઠઠોલી,
જાણું શું હું તીર શું કમાન ?
થઇ ભોળા ને અજાણી ભ્રકુટી કમાન તાણી,
મોહીની મારે શા મોહ બાણ.

મોહીની—

અરે હું મસ્તાન પ્રેમની, મને કોઇ ન છેડોરે—કોઇ.
લાચાર હું બીચારી છું શાદલ્યો કેડોરે,
જુવાનીથી દીવાની છું મારો છોડો છોડોરે—છેડોરે
પ્રાણુ દાન છે પ્રીતમાં પુછી કરજો પ્રીત,
પ્રાણ દાન તો રહેલ છે કઠણુ પ્રીતની રીત.
આધાર તું કીરતાર મારો પાડ બેડોરે,

સ૦ ચ૦—

મને સ્હાય કરશે મોરારીરે, વ્હારે ચડશે ગોવરધનધારી
અહલ્યા ઉગારી મીરાંબાઇ તારી, એની ચીંતા કરીશ નહિ મારી
મંજારી બચ્ચાને બળતાં ઉગારી મોક્ષ લીધો ગજેંદ્રને તારી,
દ્રૌપદીના ચીર પુર્યા, થાશે તે સહાયકારી—મને.

સુરદાસ—

આ તારાં વચનો સારાં સ્નેહે સાંભળતાં
શાંતી પામ્યું છે મન મ્હારૂં રે—આ૦
જગની જંજાળમાંથી બળતો બચાવ્યોજી,
ધન્ય ગુરૂ ચીંતામણી ધારૂ રે આજે—આ૦
ભકતી ભગવાન કેરી કરતાં હંમેશાંજી
થવાનું ત્વરાએ શુભ તારૂં રે—શાણા.

સુરદાસ—

દેખો દેખો, મેરા નામ માયા મહાન મશહુર હય,
મેરા ન્યારા હી આલમમેં નુર હેં, જોગી ભોગીકુ મેરી જરૂર હય
દીલ સું દે રહે ન કોઇ મુજસે દુર હે વાહજી વાહ વાહજી વાહ

લીલાવતી—

અવર મદન અલબેલો આ તો દીસે અવર મદન અલબેલો આ૦
શરદ પુનમના સુધાકરે સરખો આજ નગર ઉગેલો—આ૦
મનોહર કસ્તુરીયા મૃગ માફક જોઉં ઝરૂખે ઝુકેલો—આ૦
હું નીરભાગી નાથે તજી મને વેસ્યા અવાશે વસેલો—આ૦
ધન ગણીકા ધરણીતલ તુજને પ્રીય કર્યો મમ પરણેલો—આ૦
ચંદ્ર ચકોર મધુર મેઘ સમ મુજ મન રંગ રહેલો—આ૦
બ્રહ્મચારી વેશે નહી જાણે મુજ છળ છેલ છબીલો—આ૦

માલતી માધવ—

ચાલ...ચાલ...ઓ...અલબેલી, વળી વળી પાછું જુવે શું પ્રેમઘેલા,
તારા ઉરમાં આનંદની હેલી, સાહેલી તારા ઉરમાં આનંદની હેલી;
મળ્યા હવે ભેગા ચંપો ને ચંપેલી.................ચાલ ચાલ૦
મારા પગના ઝાંઝરની ખીલી, વારે વારે પડતી ઢીલી;
(ખિલી જેવી ઢીલી, એવી તું એ છે હઠીલી હવે ચાલ ?)
(આ આવિયે છિયે)....................................ચાલ૦

સુરદાસ—

વ્હાલા વ્રજલાલ સાથે લાગીરે લગનીયા મ્હારી મહારાજ;
પ્યારી છબી શામળાની, સ્થાપી ઘટઘરમાં મેં તો એને હાથે છે મારી લાજ
વંદ્રાવનમાં ફરતાં ઘરતાં વરતાં...આ........વ્હાલા.
હૈડે નીત્ય હેત ધારી બંધુ હળધરના હું તો;
સેવું છોડીને બીજા કાજ...વૃંદા...વ્હાલા૦

સરોજની—

નખરાળી જોબનવાળી, કોઇ બુલ બુલને બોલાવો,
મચકાળી મેદીવાળી, આ બુલ બુલને બોલાવો.
કોઇ સગુણા સંગે માણું, મોહનમાળા પહેરી;
મદન જંગનું જોર જણાવું, લાલ કોઇ છે લ્હેરી...આ...નં
હાવ ભાવ રસ ભેદ બતાવું, સમજાવું સૌ વાતો;
ગયો વખત પાછો નહિ આવે, માણવી હોય મજાનો...આ...ન.

સુરદાસ—

મેં ભયનો છોડયો ભાસ, નયનો કરીને ન્યારાં,
ઘટઘટમાં કરજો વાસ, પ્રાતે પ્રભુજી પ્યારાં—ટેક૦
વીઠલ વહાલું બીરદ વીચારી, આ સેવકને લેજો ઉદ્ધારી;
વ્યાધી વીદારી શરણે સ્વીકારી. ટાળો પ્રભુ મુજ ત્રાસરે મે૦
આંખ વીણા અતિશય દુઃખી થાશે, જીંદગી આની શી રીતે જાશે;
થાયે હવે શું, ગભરાયે હવે શું, શાને બનો છો ઉદાસરે—મં૦

સતી દ્રોપદી—

સખી સ્વપ્ન મહીમન મોહનને, મેં નિરખ્યા એકાન્ત વિષેશયને;
શરમાઈ રહી રતીનાથ મદે, મુખથી નહિ કાંઇ બોલાય અરે.
વિનવે અતી વલ્લભ વહાલ ધરી, નવ ઉત્તર મુખ અપાય જરી;
નીચું જોઇ રહી દ્રગ પ્રેમ ભરી, ખણુતી પૃથ્વી નીજ પાય અરે.

કર સાહી રસીક રૂદે વળગ્યાં, ક્યાં બળસેન થયા અળગા;
તુટી હાર ગયો એ રકાજકમાં, કસ કચુકીની છુટી જાય અરે.
ગમાં સ્વેદશી વસ્ત્ર ભીંજાય અરે, પણ નાથ થયા નગણાંજ અરે;
મનથી મન શૈજ ગયું પીગળી, જેમ સાકર દુધની સંગ ભળી,
કીધાં ભોજન નાથની સાથ મળી, મુખવાસ સુવાસ અપાય અરે
મુખ તાંમ્બુલની પીચકારી ભરી, ઉડી અચાનક નાથને અંગે પડી.
સખી તે રજની અને તેજ ઘડી, રસીયો રીસ લાવી રીસાય અરે;
સજી શસ્ત્ર શરીર શું અશ્વ ચડી, રણ જાય પીયુ અરે હું થી લડી.
સખીઓ વિનવું તમ પાય પડી, કરો જે રીતે નાથ મનાય અરે.

સ્નેહસુધા—

ધાર્યું એક ધણીનું થાય,
આપણું કર્યું કાંઇ નહિ થાય...................ધાર્યું૦
રામચન્દ્ર જેવા સત્ય પુરૂષો, શીદ વનવાસે જાય?
સીતા જેવાં મહા સતી તે, શીદ દોષીત દેખાય?
દશાનન રણમાં શીદ રોળાય? વિધીની કળા ન કળાય-ધાર્યું૦
ધર્મ ધુરંધર ધર્મરાય, શીદ દુત રમવા જાય?
પાંચ પતી જોતા સતી કેરી લજ્જા શીદ લુંટાય?
હતા હંજર બેલી યદુરાય-છતાં શીદ દુઃખમાં તે દુભાય?
કરોને ભલે અનેક ઉપાય છતાં ભાવિ નહી ભુંસાય--ધાર્યું૦

કામલતા—

વાટ જુવે છે વા'લી રશીકવર, રજા અમે તો લેશું બા
પ્રેમ ગુંથણી ગુંથો છાના દુર, હમે તો થઇશું બા
મને એકલી મુકીને તમે જાઓ ના-થશો એકલાં તમે ત્યાં જાઓ બા
મને લાગે છે બીક-બધું ઠીક છે ઠીક-એમ કેમ,
ખાલી કરો પતરાજી-અમે જઇએ એમાં રાજી
છતાં કરો છો સફાઇ-છોડો જાસું અમે બાઇ
હવે આવજો બા-સખી તું-હા-આવજો બા આલી તું,
હા, આવજો બા, કરો અમન, ચમન, હમે જઇશું બા--વા.

મહાશ્વેતા કાદમ્બરી—

રૂપે શું મન રાચોરે, કાયાનો રંગ કાચોરે, ભગવાન ભજો (૨)
હાડ માંસ ને રૂધીર ભરેલું, મઢ્યું ચામડે અંગ (૨)
ગંદા દેહનો ગર્વ નકામો, કાયાનો રંગ પતંગ;
ભરૂંસો નહિ સાચોરે, કાયાનો રંગ કાચોરે. ભગવાન૦

માયા મોહિની—

રહયો વર્ષોના વર્ષો મવાલી, લાવું બૈરી હવે બસ રૂપાળી,
હોય વિધવા કે ભરથાર વાળી, આવી વાંઢા મેણું નાખે ટાળી;
શેઠ ! છે આ જમાનો મવાલી, કોઇ આવી જશે ઝાળી,
હોય આબરૂથી આરપાર ખાલી, હોય વિધવા પણ એ બચ્ચાવાળી
નહિં નહિં–બૈરી લાવીશ બચ્ચા વગરની.....(હાક......છી)
કેવી આવ્યાંતી છીંકતું, હાખ છીં...હાખ છીં...હાખ છીં...હાખ છીં
રાંડ નકટી કરૂં નાક વાઢી, વાત વિઘ્નોની આ કેવી કાઢી,
તારી સુરત બનાવું હું કાળી, બૈરી આપી જશે હાથ તાળી–રહયો૦

પિતૃભકત પુંડલીક—

મને તું માફ કર શાણી, વચનપર ફેરવ્યું પાણી,
ખરે હું ક્રૂર છું પ્રાણી, ગુન્હેગારી અમારી છે.
લફંગા હો ધુતારા છો, ઠગારા આપ છો પુરા,
અધુરાં લેશ ના ભાશો, હૃદય માંહિ કટારી છે.
લફંગો છું ધુતારો છું, પરંતુ દાસ તારો છું,
જગતના પાપની ઉપર, અખત્યારી હમારી છે.
જણ્યા રાંડે રતન જેવા, ખરેખર બાપને બેટા,
લડે છે શીંગલા ઘેટા, ભયંકરતા થનારી છે,
અમે મસ્તાન પંખીડા, અમે મ્હોબત તણા કીડા,
વડીલો પણ હતાં એવાં, કબુલાત એ અમારી છે.
રૂપાળી જોડ છે થાપી, ટળી બાપા થયા સ્વામી,
રહી ના લેશ પણ ખામી, કહો (બા) છેડ સારી છે.
ઇજારો તો નથી લીધો, રસીલી આજ નખરાનો,
હવે તલસાવ ના પ્યારી, વિરહની આ બિમારી છે.

મહાશ્વેતા કાદમ્બરી—

મંજરીએ મનડું મોહ્યુંરે મનગમતા મહારાજ,મારા મનગમતા મહારાજ.
એ શું દીલડું આમ પ્રોયુંરે....................મનગમતા૦
(શું આ પુષ્પ તમને બહુ ગમે છે,)
સાખી—મનને તો ગમતું ઘણું, મુખથી કેમ મંગાય;
વીણ પ્રીછે વીણ પારખે, ઘટે માન મુનિરાય"
સાખી—માગે માન ઘટે નહિં જ્યાં જેવું દાતાર.
સુખે સ્વીકારો પુષ્પ આ ધરો કર્ણ મોઝાર"
અતિ ઉદાર દીલ તમ જોયુંરે..........મનગમતા૦

માલતી માધવ—

હાંહાંરે મને ઠગી, ઠગી મને ઠગી, ઠગારે મને ઠગી, જાણીને ભોળી નાર
ખોટા બોલી શાને ખુવે છે તારો ભાર, આ છે ખોટો કરાર (૨)
ખોટા ખોટા ? હા ખોટા......ઠગી...........

સાખી "અંતર પ્રેમ વિના બધા, નિષ્ફળ કોલ કરાર,
એ વિણુ કો દંપતિ તણો, નવ સુધરે સંસાર,"
આ છે ખોટો કરાર ....ઠગી૦

માલતી માધવ—

નાનકડી નાજુક નાર હું-બહુ નાનકડી-બહુ-નાનકડી (૩)
મારા વ્હાલાની છું લાડકડી (૨) બહુ લાડકડી (૩)
આંખ તણે મટકે પટકું છું લાલને—
નાની શું સમજે વ્હાલાના વ્હાલને
હું તો બધુંએ સમજું છું જાણી ભોળો ભરથાર તું બહુ માથે
(ચડે) ૩.........નાનકડી૦

મહાશ્વેતા કાદંબરી—

શું કહું કથની મ્હારી રાજ, શું કહું કથની મ્હારી,
હું તો દૈવના ત્રાસે હારી રાજ.........શું કહું૦
પરખી પારી જાતિક મેં, અરપણ કીધું મન મ્હારૂં,
પતી તજી પરલોક સિધાવ્યા, કરી જીવતર મમ ખારૂં—રાજ.
ચંદન કાષ્ટની ચિતા રચાવી, પતિ સહગમન આસે,
શુન્ય દેહ મમ સ્વામી તણો પણ, ઉડી ગયો આકાશે—રાજ.
અરપ્યું મેં સર્વસ્વ સ્વામીને, પ્રેમની કરૂની ખારી;
તજી જગત જંજાળ સર્વ હું, પ્રીતે ભજું ત્રિપુરારી—રાજ.

સાગર સરીતા—

પ્લીડર કેરા માંડયા ધંધા, ખોટા જગમાંહી મોટા,
ઘરઘર અંદર બન્યા કલંદર મોટા હા મોટા.
જગમાં મોટા ધરના ખોટા મોટા છે ગોટા,
સઘળે છે પોલંપોલા ભારી, અગડંબગડં ની—યારી,
કેડીટે મારામારી ભારી, જગમાં પોઝીશનની બલીહારી,
ગડબડ ગોટાથી યારી સાચાની ખ્વારી—પ્લીડર.

સુકન્યા સાવિત્રી-(યમ સાવિત્રી સંવાદ.)

શા માટે શ્રમ કરે સતી, તુજ પતી ભક્તી સાચી (૨)
હવે પુત્રી વળતું પાછી (૨)
સાવિત્રી—સજ્જન કેરા સાથમાં, મેં ડગ ભરીયાં સાત,
મિત્ર ભાવે સુણજો હવે, આ દિન વનીતાની વાત.
ધર્મ જે વેદ પુરાણે ભણીયો, મુખ્ય, ધર્મ ગ્રહસ્થાશ્રમ ગણીયો,
કૃપાનાથ, મમ, પ્રાણનાથ, શું રહી વૃત્તિ રાચી (૨)
વળું મહારાજ કેમ પાછી (૨)
યમ—સુણી વિવેક ભરીમૃદુ વાણી, થાઓ પ્રસન્ન અતિ મન શાણી,
સત્યવાનના જીવત વિના કાંઈ ઇચ્છીત, વર યાચી (૨) હવે.
સાવિત્રી—મહારાજ ! (મારા અંધ સાસુ સ્વુસ્વર દેખતાં થાય,
યમ—તથાસ્તુ ! ભાગ્યવતી તું અતિ દુર આવી,
થાય કોથી મિથ્યા નવ ભાવી......શા૦
સાવિત્રી—પતી સમીપ શ્રમ નહી જરી. જ્યાં જાએ મમ નાથ,
તપ વ્રત આપ કૃપાવડે, ત્યાં આવું તમ સાથ,
સંગત સજ્જન તણી નથી સોંઘી, મૈત્રી સંત્ત પુરૂષની મોંઘી,
કૃપાનાથ મમ, પ્રાણ નાથ શું રહી વૃત્તિ રાચી (૨) વળું.
યમ—અર્થ યુક્ત સંભાષણ તારૂં, બુદ્ધિમાં વૃદ્ધિ કરનારૂં,
સત્યવાનના જીવત વીના, કાંઈ ઇચ્છીત વર યાચી......હવે.
સાવિત્રી—મહારાજ ! (મારા બુદ્ધિશાલી સસરાજીને પાછું રાજ્ય પ્રાપ્ત થાય.)
યમ—તથાસ્તુ ! ઉત્તમ વર એ આપ્યાં ભાવે, હજી પ્રેમદા પુંઠળ આવે શા.
સાવિત્રી—સુપાત્ર જન કરતાં કદી, સુપાત્રોનું સનમાન,
સાધુ, તો દુશ્મન તણું પણ સાધે કલ્યાણ.
સંત પુરૂષોની સમાન દ્રષ્ટિ, દયા તણી વરશાવે વૃષ્ટિ,
કૃપાનાથ મમ પ્રાણ નાથ શું, રહી વૃત્તિ રાચી. (૨) વળું.
યમ—શીતળ વચન સુધાસમ તારાં, તૃષાતુર તૃષાની હરનારાં,
સત્યવાનના જીવીત વિના કાંઇ ઇચ્છીત વર યાચી—હવે.
સાવિત્રી—મહારાજ ! (મારા પિતાના કુળની વૃદ્ધિ
કરનારા મારે સો ભાઇ થાય.)
યમ—તથાસ્તુ, સાસરીયાનું માન વધાર્યું,
પીયરતણું પણ કાજ સુધાર્યું......શા૦
સાવિત્રી—પરદુઃખ દુખીયા બને, દુઃખદ હૃદય વિશ્રામ.

ભરૂસો ભારે સંતનો, હવાનું શુભ કામ,
સજ્જન મહી વિશ્વાસ નવ લાવે, સજ્જન ઘર પુછતું સૌ આવે,
કૃપાનાથ મમ પ્રાણુ નાથ શું રહી વૃત્તિ રાચી (૨) વણું.
યમ—મધુરાં નવીન વચન સંભળાવ્યાં, અતિશય તે મારે મન ભાવ્યાં,
સત્યવાનનાં જીવીત વીનાં, કાંઈ ઇચ્છીત વર યાચી (૨) હવે.
સાવિત્રી—મહારાજ! (મને મારા સ્વામીથી ઔરસ સો પુત્ર થાય.)
યમ—તથાસ્તુ! ઘટેના થાવું અતિવર લોભી,
તજી પુંઠ હવે જા અહીં થોભી......શા૦
સાવિત્રી—સ્વધર્મં વહોલો સાધુને, જે ચુકે નવ લગાર,
સાંપ્રત ભુત ભવિષ્યતી, ગતિ તણાં આધાર,
સજ્જન ફરે ન આશા આપી, બોલ્યું અબોલ્યુ ન કરે કદાપી,
કૃપાનાથ મમ પ્રાણુનાથ શું રહી વૃત્તિ રાચી (૨) વણું.
યમ—અમૂલ્ય તારાં વચન વિચારી, વાધે તુજમાં ભક્તિ મારી,
ભગવતી છેલ્લુ ઉત્તમ અનુપમ, ઇચ્છીત વર યાચી (૨) હવે.
સાવિત્રી—પુત્ર તણું મુજને દીધું પ્રભુ આપે વરદાન,
જીવીત દાન દઈ જીવનને, સત્ય કરો ભગવાન.

બુદ્ધદેવ—
પીયુ પીયુ પોકારતી, પપૈયા વધુ ઝુરે વનમાં,
વિરહ અંગાર ઉડે તનમાં, અતિશય બળી રહી મનમાં—પિયુ૦
ખીલતી આ કળી કુસુમની, ભોગી વિના કરમાય.
ઝુલતી આ લલીત પાંખડી ભોગી મધુકર ચ્હાય-પિયુ.
બાળા રસાળી અંતરે આકુળ વ્યાકુળ થાય,
નમ્ર નવોઢા નૌત્તમ રમણી રસિક નરવર ચ્હાય,
હંસણી દુઃખી થતીરે, કોમળ માનસ ઉપવનમાં—પિયુ૦
બુદ્ધદેવ—
ફુલની પાંખડી લ્યો પ્રાણુ—ફુલની.
ગણી અંતરની ઓળખાણુ—ફુલની૦
સ્યામ સલુણા અમ ઘર આવ્યા, શા કરીએ સન્માન,
નાથ નગીના પરિમલ ભીના, મન માન્યા મેહમાન—ફુલની૦
ઝાઝું શું કહીએ સમજુને સખી નયનના બાણ,
વિમળ કમળ આ સરવર જળનું, ભોગી ભમર શું જાણુ.

કુસુમાવતી—

આતો હીસ્ટ્રીયા કળાય વાયુ, ગોળો છે ભળાય,

આલો ડીસ્પેનસરીમાંય સધારીએ,

ચોટા વિકટોરીઆ માંહ્ય, ડાકટર ભક્કાને ત્યાંય......ચા૦

અરે અરરર હાય, કંઇ કંઈ થાય છે,

ખમા ખમા ડીઅરજાન તને શું થાય છે,

અરે અરરર હાય, મારો જીવ જાય છે,

મારા કલેજાના ટુકડા તને શું થાય છે,

કાળી જીરી બે વાલ, ગળો લીંમડાની છાલ,

પાઉં કાવો કરી ચાલ માંહી થોડુંક ઝેર ઉમેરીએ......ચાલ૦

જાય કોલેરાનો રોગ, મળે માલતીનો ભોગ,

આવે દીવાળીનો જોગ, લઇ અશ્વની કુમાર ચાલીયે,

અરે, અરરર..................આરે હાય.

મહાશ્વેતા કાદંબરી—

બોલો બોલોને અંતરના બેલી નાથ વિનવું કરજોડી.

પિયુ જાશો ક્યાં અમને છોડી, પ્રિતી જન્મોજન્મ તણીતોડી-બોલો૦

સાખી—હાથે આવી હંસલો, ઉડી ગયો આકાશ;

જઇ બેઠો દુર દેશમાં, ફરી મળવાની નહિ આશ,

મરજાદા મેં કુળની છોડી, (૨) તમ સંગે મેં પ્રિતી જોડી (૨)

ઉઠો ઉઠોને અંતરની કરીએ વાત, રાત રહી હવે થોડી—બોલો.

મનુ-મણી—

અટંપટં કંઇ કંઇને સમજાવી, ભાઈ પૈસા પેદા કર્યો કામનો અટંપટં,

માત પિતા સુત બંધુદારાને બેનડી,

વ્હેવાર વસુતીન નામનો બસખસ......અ૦

માનને ખાનપાન પૈસાથી થાય છે,

મોટો વેપાર જગદામનો બસખસ......અ૦

પૈસાની પ્રીતડી, સંસારની રીતડી પૈસો પ્રભુ આખા ગામનો, બસખસ—અ૦

બલીરાજા—

મારી સજની, તું ક્યાં રમી આવી રજની, સાચું બોલ બોલ બોલ!

શાણી સૈયર, તું શીદને આળ ચડાવે, કેડો છોડ છોડ છોડ.

હમણાં માળા ગુંથી હતીને, હમણાં કેમ કરમાણી!

પરસેવો તને ક્યાં વળ્યો, તારી ઝમ્મર ક્યાં ભીંજાણી—સાચું૦
કાળો ભમરો શિર પર બેઠો, ઉરાડતાં ગભરાણી,
લપેટે લટ છુટી ગઇ, મારી ઝમ્મર ત્યાં ભીંજાણી—કેડો૦
કસ્તુરી તારા અંગે મ્હેકે કુસુમ કળીના હારો,
નયન રહ્યાં છે નાચી નવેલી, મળીયો કોણુ ઠગારો—સાચું૦
ચંદ્ર સરોવર નહાંવા ગઇતી, વાટે મળ્યો એક માળી,
છાબ ભરીને ગજરા આપ્યા, હું તો તમથી હારી—કેડો૦

બલિરાજા—

કાયર તે નરને સમજો જે કરમે હસ્ત મૂકી ફરતા,
નસીબ માની બેઠી રહેનારા, દીઠા રડવડતા—કાયર૦
ઉદધી અંદર ઉતરતા તે, મોતી પામી નિકળતા,
તીરે રહી જોનાર તમાસો, નહિ કોડી મેળવતા—કાયર૦
નાનું બાળક ભણતાં પંડિત, પાણુ ઘસે છે દોરી;
ભાગ્ય કસોટી ઉધમ કરીને, તજીએ નિરાશા ઝોળી—કાયર૦

બલિરાજા—

લાડકડી તારા લાડ કોડ સૌ પુરા કરશે કંથ,
સખી તું શીખજે પ્રેમનો પંથ ગ્રંથ (૨)—લાડકડી.
પ્રિયતમ જ્યારે મંદિર પધારે, સામી લેવા જાજે,
સ્નેહ પુષ્પથી શ્યામ વધાવી, પતિ ગુણુ ગીતા ગાજે,
ચરણુ પખાળી પ્રાણુનાથનાં, વિંજણુલે વાયુ વાજેરે—લા૦
હું છું નાની નાર નવેલી પ્રથમે શરમ બહુ આવે,
છબીલા કદી છણુકાઇ જાયને, મુજને નહિ બોલાવે;
ચાલાકી બતલાવો એવીકે, રસિયો ના રીઝાવેરે—લાડકડી૦
ખાનપાન ભોજનની સેવા, નિજ કરમાં તું સ્હાજે;
સ્નેહ મંદિરે શ્યામ બોલાવી, અંતર ઉભરા ગાજે,
નયન કટાક્ષે લાલ લોભાવી, અધરામૃત પીજે પાજેરે—લાડકડી૦

બલિરાજા—

ગોળખાઓ લ્યો ત્રંબક તડાકીયા,
લાવો લાવો ફરશુરામ ફડાકીયા;
બને જુઠાને લુચ્ચા હડાકીયા—ગોળખાઓ૦
કન્યામાં કંઇએ કેણુ નથી, તમે હૈયામાં હિમત ધારજો.
વર છે રૂપાળો વિદ્વાન વસ્ણાગીયો,

કામ દેવ કેરો અવતારજો—ગોળખાઓ૦
જોશીને વૈદ મળ્યા વેવાઇ હોંસીલા,
ઘડીઆં લગન નિરધારજો.
વહેલા પધારજો મળજો મંડપમાં,
આનંદ આવશે અપારજો—ગોળખાઓ.

બલિરાજા—

જાઓ જાઓ ના સતાવો, ઠગારા છબીલા છેલ;
આઘા રહો અલબેલા અડશોમાં—જાઓ૦
અંક ભર્યાના સમ ખાઓ તો, સાચી વાત સમજાવું,
મન મોહન કાળા છો અડતાં હું કાળી થાઉં—આઘા૦
તું મુજને અડતાં શ્યામ બને, હું કેમ ન થાઉં ગોરો?
રસની ગાળો સાકર જેવી, આજ ઉતારૂં તોરો—આઘા૦

બલિરાજા—

વશ કીધો તેં વીર મારો, જે ગુણિયલને બહુ સારો
નથી વાંક જરા કાંઇ મારો, નણદલ તમ વીર ઠગારો
રંગ ભુવનમાં હતી એકલી, આવી અડપલું કરી ગયા
ચુંબન કરી ભરી અંક મીલાવી મોહન મનડું હરી ગયા—નથી.
વસંત જોબન ફુલવાડીમાં, ભૂલો પડી ગયો ભ્રમરો,
લાલચ આપી તેં લલચાવ્યો, બંધુ ડાહ્યો ડમરો—વશ.
શરમાળે મને સાન કરીને, કંચુકીની કસ છોડી,
હૃદય ધરાપર થન થન નાચ્યા, લાજ શરમ સૌ તોડી—નથી.
વદન ચંદ્ર છબી રતિ લજાવે, ભ્રગુટીકામણ ગારી;
બંધુ મારો સરળ હૃદયનો, કળા અજબ છે તારી—વશ.

બલિરાજા –

સફળ છે સંતની સાચી કમાઇ (૨)
સંતની સંગત ભવ જળ તારણ,
વેદ પુરાણે ગાઇ............સફળ છે૦
ધ્રુવ પ્રલ્હાદને અંબરીષ રાજા,
ભક્તિ ધ્વજા ફરકાઈ............સફળ છે૦

બલિરાજા—

આનંદ મંડળ ગાઓ, પરણાવી લેશું લહાવો;
મારી વેવણ રસીલી જોડી શોભશે;

નિરખી કન્યા કહેશો, મુખ જોઈ તાકી રહેશો—મારી૦
વાહ ઠીક મળ્યું છે ટાણું, એક લુલું બીજું કાણું;
મળા વેવાઈને વેવાણું, ફેરા ફેરવોને ઝટ.—આનંદ૦
ફડાકિયા વૈદ જોશો, હોળીને દહાડે રોશો;
કેવી જાન જોડી હું આવું, દુનિયામાં ડંકો વાગશે—આનંદ.
તડાકીયા કહું તમને, અતિ ઉમેદ મનમાં અમને;
વાજાં વગડાવું જો જો, ફરશુરામનો ફડાકો—આનંદ૦

બલિરાજા—
અમૃતથી પણ અતિ મીઠી લાગે, માતપિતાની સેવા,
જનની જનકનાં પદપૂજન તે, મધુરા મધુરા મેવા—અમૃતથી૦
સ્નાન ધ્યાન સંધ્યા તર્પણ કરી, અગ્નિહોત્ર સુધારે,
પ્રેમે ન પૂજે માતાપિતા પદ, વૃથા વખત તે ગાળે—અમૃતથી૦
માતા પિતા દેવી પાર્વતી, પિતા શિવ મહાદેવા;
સપુત પુત્ર આ સંસારમાં, કરે પિતૃ પદ સેવા—અમૃતથી૦

બલિરાજા—
કરી છેતરપિંડી કન્યા લુલી પરણાવી જઇ,
ફરિયાદ કરૂં છું સરકારમાં;
ચંદરીયો શંકરીયો વર છે કાણો;
તળ તારૂં તપાસ પળવારમાં.
કહેતોતો કન્યા છે ચંપાની પાંખડી,
કામદેવ જેવાની ફુટેલી આંખડી;
લુચ્ચાના પીર તને, જાણ્યો ફડાકિયા,
ઠગ છે પાટણનો તું, ત્ર્યંબક તડાકીયા,
ચુપ, ચુપ, ચુપ,
જા, જા, જા,
અહીં નથી ધરાળકે ઉલાળમાં—કરી૦

બોલતો કાગળ—
રંગી આ દુનિયાના રંગી તે રંગી બેરંગી દુનિયા દોરંગી,
સાગર પાણી શીતલમાં, વડવાનલ તેના તળમા,
આગને પાણી બન્યાં સંગી૦-૨
આજે અંગી મનાતા, કાલે ભુજંગી થાતા;
કોણ ભુજંગી કોણ અંગી—૩
વાયુ જે દીપક ઠારે, આગને એજ વધારે,
પ્રભુની પ્રભુતા એ દોરંગી—૨

હેમલતા—

નહિ બોલ કોયલ કરી કરી ટહુકાર,
મને કાળજે લાગે કટાર, હજી હું છું કુંવારી નાર-નહિ૦
વસંતનો રંગ જામ્યો લતાને, વૃક્ષ ભેટી કમા ખાય;
યૌવન પુષ્પ જે ખીલ્યું હમારૂં, ભોગી વીના કમાખાય;
મારી જાગી જાગી રાત જાય, તેમાં તું વળી વેરણ થાય-નહિ.
શાખ તું રાજ, ખાલી મદનનો આ બાળામાં લાવે વિકાર
હારી રતીનાથ, જોડીને બે હાથ વિનવું છું અહીંથી પધાર;
મારો નાથ નથી આધાર, તારી મદને ઉતારી દેનાર-નહિ.

ઈંદ્રાવતી—

કરવા ચાહો છો શું ! પાપી કૃત્યો ઘોરનારે ?
અંતે રે, શો નહીં કો જગમાં, એકે નોરનારે—ટેક
વૈભવનો લ્હાવો લેવામાં, સેતાની સેવા કરવામાં,
ગોળ ખોળ કેવાં, ફળ છે, ઝેરનારે.........ક૦
વેદ તણાં વાક્યોને ચુકી, બેસો કાં ! તે ઉપર થુંકી ?
વીષય કુપમાં ઝુકી, લાયક મારનારે.........ક૦
કાળાં ધોળાં કરી કરોડો, ગરદન ગરીબતણી શું મોડો ?
પાછળ પડશે જોડો, લક્ષણ ચોરનારે......ક૦

બોલતો કાગળ—

ફુલણજી ફુલોમાં ઝાઝા ફુલ્યું ફુલ ફુલી કરમાશે,
ફુલી કરમાશે ખિલેલું આખર ખરી જાશે,
સરખા દિવસ ન ગયા કોઈના તેમ નહિ જાશે,
રેંટતણી ઘટમાળ ભરાશે ભરાઇ ઠલવાશે......
ઉજળુ એ સહુ દુધ આજ અભિમાને દેખાશે,
જ્યારે પડશે કાળ ઝપાટો ત્યારે સમજાશે......

હેમલતા—

દીકરી ગાય સમ કહેવાય.
દોરે વડીલ ત્યાં જાય—દીકરી
બાલ્ય કળામાં માત તાતના આશ્રયથી રક્ષાય,
યૌવનમાં લલના લજ્જાનું, રક્ષણ પતિથી થાય-દીકરી
વૃદ્ધાવસ્થામાં સુત રક્ષે, પરાધીન પ્રેમદાય,
ત્રણે કાળમાં સ્વતંત્રાથી નારી દુર જણાય-દીકરી

બોલતો કાગળ—

માલી વિનાની ખાલી જોબન તણી ફુલવાડી,
હાએ સુકાઈ ચાલી, પણ નાવે જીવન માલી.
ગાલ ગુલાબ તણી ગઇ લાલી, નરગીશ આંખ નમી મદવાળી
લ્યો સંભાળી જીવન માલી
પાણી વિનાની ડાલી તાપે તપી હરિયાળી

બોલતો કાગળ—

આવો કોઇ વૈદરાજ ઓસડ અજમાવો
આ લાગી લગન વિસરાવો,
પ્યાલો જે પ્રીતિનો ઝેરી પીવાણો તે,
પાછો કઢાવો યા પચાવો.
કહે છે કોઇ કંઈ કાન કંઇ સાંભળે છે;
કંઇ કહેવા જતાં આ જીભથી કંઈ નીકળે છે.
જવાનું કયાંય ને આ પાય કયાં આડા વળે છે.
થતું નથી કંઈ બીજું પણ ચિતડું ભડભડ બળે છે
એ છોડાવો લગન આ મિટાવો અગન, શાંતિ લાવો.

બોલતો કાગળ—

સુખ હોય જો નારને નાથ તણું,
ગણે સ્વર્ગીય સુખ સહુ તરણુ.
સતિને નહિ માન તણું સમણું.
ધિક્ક તે અધમાશ્વરે જે રૂસણું;
પતિ પ્રેમ પિપૂષનાં પાને ઠરે;
નિત્ય સ્નેહ સરિતામાં સ્નાન કરે;
બની દાસી વિલાસી ઉદાસી હરે,
મનવાણી ક્રમે પતિસહ વિચરે;
પતિ સેવી સંસાર સમુદ્ર તરે.

બોલતો કાગળ—

બચ્ચા કચરા, કંઇ સાવધ થા, બુબખ બુઢઢો ચસકેલ દીસે,
આ ધનચકર મોહિની દીપપર, જો મીણ બની પીગળેલ દીસે.
કાંઇ દાળમાં છે ક્કાળું એ નક્કી થયું
શું ખરો છે ભેદ એ તો જાણવું રહ્યું.
પાસને નાપાસનું દરદ નવું થયું,
શરમ શરમ બુઢ્ઢાનું હવામાં ઉડી ગયું.

બોલતો કાગળ—

હું તો ઇચ્છું છું પતિ તમ્હારી સેવા;
મને અન્ય વિષયથી નહિ કંઇ લેવા દેવાં,
મસ્યે છાશ બાજળાં ખાઇને પેટ ભરીશું;
મળશે તેપર સંતોષ ગુજર કરીશું;
પતિના એઠા ટુકડા, તે મીઠા મેવા—
કંચન નહિ પણ સૌભાગ્ય કાષ્ટની ચુડી,
મંગળદો તે સતી નારની મુડી,
કાચાં સુતરને તારેઅંધાયા એવાં—
જાડે કપડે પણ અંગ સહુ ઢંકાશે—
પતિ સંગે પર્ણકુટી મહાલય સમ થાશે;
પતિસ્નેહ દ્રષ્ટિએ અમે વેચાયા જેવાં—

હેમલતા—

વનીતા જન્મનું સન્માન
પતિસ્નેહ સુધારસ પાન. વનિતા૦
નરપતિ પતિ છે સદન રાજ્યના, પ્રમદા માત્ર પ્રધાન;
આજ્ઞાવશ નૃપનાં થઇ રહેવું, પ્રધાનનું એ ધ્યાન. વનીતા૦
વનિતા મૃદુતાની પ્રતિમા છે, પુરૂષ કઠિન પાષાણ;
પુરૂપરૂપ આ જડ શરીરમાં ચપળા ચેતન પ્રાણ,
વનિતા સ્વર્ગની છે લ્હાણ,
હો અજવાળી હોય રાત પણ થાય ન દિવસ સમાન;
ભોગ્ય વસ્તુ છે કુસુમ કામિની, ભોગિભ્રમર નર માન વનિતા૦

બોલતો કાગળ—

શરમ, શરમ, શરમ, શરમ, બોળવા બેઠા નામ,
ગુલામ ઇજ્જત લિલામ, ખાનદાનનું જરા નવ ભાન,
થાય આજ થાય છે બુઢ્ઢાની આબરૂ લિલામ,
જાય આજ જાય છે સસ્તામાં ખાનદાન માન;
છે ખરીદનારનો ચઢાવો તે ફુટી બદામ,
એક—બે—ત્રણવાર, સોદો તમામ,
ક્યાં ધનવાનતણું ખાનદાન, ક્યાં એ ગરીબ નોકર ગુલામ,
નાક કપાવ્યું સહુ ઓળખીતામાં થુથુ કહી સહુ થુકશે ગામ.

સંન્યાસી—

ચાલો લટકેથી ચાલ, બની અલબેલા લાલ
ખુબ મીલાવ્યો લાલ, વરણાગીઆ

જલી લાગી છે ભાગ્ય, થયા નસીબે ન્યાલ
અહરે દ્રાંકડાજી તાલ, વરણાગી આ,
મીંઢલની બે જોડી મંગાવો, પીઠી ચોળાવો પ્યારા,
હીરા મોતીના હાર પહેરાવો, ફરે ફેશનમાં પ્યારા,
ગીતો ગવાડું લાંબા લ્હેકેથી પડઘમ ઢોલ મહી સારા ખરરર-ધુમ
પરણે છે લાલ લટકાળા. પેરીને વરમાળા, છબીલા છોગાળા
રે લાલ વરણાગીઆ—ચાલો૦

ઈંદ્રાવતી—

કર્મ ગતિ અતિ અકળ અગમ છે,
બ્હાલરે વિધિ તુજ ગતિ ગહન છે,
નાથ કૃતિ કદિ નાંહી કળાયે (૨)
ઘટ ઘટ વ્યાપી મનહર, આ સુંદરતા,
કુદરતની, રમણિયતા,
સુખ દુઃખ વારા ફરતી છાયા—
સુરનર મુનીવર મોહી રહ્યા છે,
નહીં ભેદ ભાવિનો જાણી શકયા તે,
સુખકરણી, અમિઝરણી, મધુ વરણી.
પ્રમા પ્રભુની અગમ નીગમ છે—કર્મ૦

ઈંદ્રાવતી—

ભાવ ધરીને ભજીએ નાથ, શરણુ અમારૂં કૃષ્ણ હરિ.
વરદાયક શુભલાયક પ્રભુજી
નીરધાર આધાર, અધમ ઉદ્ધારણ
તારણ દેવ હરિ,..........ભાવ.
અજામેળ ગજ ગણિકા પ્રભુજી,
પાંડવની કરી વ્હાર, તાર્યો વ્રજ દેશ,
દયાળુ દેવ હરિ..........ભાવ૦
દુઃનીયા ભય આ ભવ માંહી પ્રભુજી,
સુખના છો દેનાર સેવના લ્યો,
સ્વિકારી દેવ હરિ..........ભાવ૦

હેમલતા—

મશહુર જે જે બ્યુટીઓનાં છે જગતમાં નામ,
તે શીરી લયલી ને જુલયખા નાર લાલા રામ,
ગણાય ઇંદ્રકેરી અપ્સરાઓ રૂપધામ,
પણ મારી મિસિસ પાસે તેનું વેલ્યુ બે બદામ,

કવી છે વાંદરા જાણે ન રસ જરા,
કિસ્સા ખોટા ખરા લખી લાવે પરીપરા,
મિજાજ આકરા, ધુણાવતા ધરે,
ન ચાલે પાધરા કદાપિ સાંઢ ખાધરા—
મુન્સી કવી પોયટ બધા બની ગયા હજામ,
કલમ કનેથી લીધું ખાસ અસ્તરાનું કામ,
મૂંડી નાંખ્યું માથું પુઅર બ્યુટીનું તમામ,
ન બ્યુટીઓના લિસ્ટમાં મારી મિસિસનું નામ–કવી છે.

બોઢાણો—

રસ લૂટો રસીલા રંગ માણો મોજીલા,
મારી જોબન કળી આ રસમાતી,
(રવ) મારા મનની વરણુ કળી થાતી,
પવન ઢાળું, હું પાલવે આ,
બ્રહ્મચારીને એનારે બાના,
વાહ બ્રહ્મચારી, વાહ ચટકાળી,
કંઈ કામણ કીધું ભારી,
ભાળો ભોળો બ્રહ્મચારી, રસ૦

હેમલતા—

રે લાગી લગની લાગી, મેં લાજ આજે ત્યાગી;
રે વાગી મંછા વાગી. ઓહ પ્રેમ ગોળી વાગી—
ઓહ લેડી લટકાવાળી, તેં મારી કાતિલ ગોળી,
રાતલડી બીજે ગાળી, છાતલડી-છેલા બાળી—રે લાગી૦
શાને તરસાવે વ્હાલી પા અધર સુરાની પ્યાલી,
શી વાત કરો એતાલી, હું તો મારે આ ચાલી,
છોડો વાલમજી, છેડો–છોડો,
તોડો, રાણીજી, પડદો તોડો;
હાં હાંરે છોગાળા, શોકાણુ ઉઠશે જાગી—રે લાગી,

બેઢાણો—

તારી ધીરે ગાડી હાંકારે. મેરામણુ ગાડીવાળા,
તારી મજરે ગાડી હાંકારે, મેરામણુ ગાડીવાળા.
ઘોડા છુટયા થાનસે પીછે પડી પોકાર.
દશ દરવાજા બંધ હુવા તોભી. નીકળ ગયા અસવાર-તારી.
ગંગા કીનારે ઘર કરો, અને નહવો નિર્મળ નીર,
આપ્યા વિના શું પામીએરે, તે કહી ગયા દાસ કબીર-તારી.

બાલિરાજા—

સંસારે સાચું રામનું નામ.
માત્ર એક દામ દામ ને દામ;
વાહ ભાઈ દામ, વાહ ભાઈ દામ—સંસારે.
દામવંત તે સહુથી ડાહ્યો, હોય ભલેને હજામ;
દામવંતના દ્વારે જઈ સહુ, સો સો ભરે સલામ—વાહ
પંડિત કાજી પ્રવીણ પુરાણી રાજા રંક તમામ;
વૈદ વકીલને વેશ્યા સર્વે, દામની પાસે ગુલામ—વાહ.

ઇંદ્રાવતી—

કરો છલબલ નહીં છેલા, દુર રહેજો અલબેલા;
જાણું સફાઈ, આ ચતુરાઇ;
છોડો ઠગાઇ, ગઇ મચકાઇ, લાગી હું બાઇ,
ચટક ચાલ કરતી, મન હરતી,
નારી નફટ નિડર થાઓ, જાઓ, છાકમાં છકેલા...કરો૦
બાળ વિશાળ મુખ મૃણાલ,
અમિ ભરિ વાણી રસાલ,
દ્રગ મૃગ સમ જોઈ આ સુંદિર બનું અધિર,
જાઓ પિયુ લાજ શરમ રાખો,
શિદ થાઓ આમ ઘેલા......કરો.

હેમલતા—

પ્રાણ ભુલી જજે હેમ તારી, પ્રણય દે વિસારી હવે;
તારી પ્રેમી આ કન્યા કુમારી, થશે અન્ય નારી હવે-પ્રાણ૦
આજ્ઞા શિર મેં જનકની ચડાવી, શુદ્ધ પ્રીતિ પ્રણયને બનાવી,
તે થયું જે હતું હાય ભાવી, પ્રણય દે વિસારી હવે-પ્રાણ૦
તું થયો આજથી બંધુ મારો, સર્વ છુટયા હ્રદયના વિકારો;
થઈ ભલે અન્યનો પ્રાણ પ્રાણ પ્યારો પ્રણય દે વિસારી-પ્રાણ૦

હેમલતા—

ધાટી ઘટા આ વૃક્ષની વનભાગમાં શોભે સખી.
કલ્લોલ કરતાં પક્ષીઓ, મન સાંભળી લોભે સખી,
એક સ્થળે કલનાદિની, સરિતા વહંતી જાય છે;
શીતલ પવનની મંદ લહરી, સુખદ કેવી વાય છે—ધાટી૦
કોઈ સ્થળે નાચી મયુરો મંજુ કેકારવ કરે,

કોઈ સ્થળે વળી કોકિલા મદગાનથી મનડું હરે—ઘાટી૦
વિચાર મૃગો સ્વાધીનતાથી ખેલ નાના ખેલતા
કાન્તા ક્રીડાના ચમત્કારો સુધારસ રેલતા—ઘાટી૦

બોડાણો—

રંગમ ક્યસે હોરી ખેલુંગી, સાંવરીયેકે સંગ
ધોબી ધોવે મચલે સયલે, ધોબનીયાકે સંગ,
કીસ પાપીકી નજર લગી, મેરી ચોલી હો ગઈ તંગ-રંગમે
મેરા શૌહર સુસ્ત મીલા હય, રોજ પીવે હય ભંગ,
હાય જવાની હો ગઇ ગારત, પાણી હો ગયા અંગ-રંગમે

ઇંદ્રાવતી—

સુખ દુઃખ કર્મના વ્હેવાર,
રંકના સહુ રાય સરખા, દેવને દરબાર—ટેક૦
જગતનો આ વાસ, સહુને સુખનો આશા૦
ધર્મ નિતિ જ્યાં વિરાજે—(૨)
ધન્ય તે અવતાર.........સુખ૦
ધામ ધન જોબન સહુ, જાતાં ન લાગે વાર
જન્મ ધરીને સવ જાતાં (૨)
પામિ ભવનો પાર.........સુખ૦

બલિરાજા—

ક્યાંયે સરખી સમાણી જોડી ના મળે,
સુનો લાગે સંસાર, એળે જાએ અવતાર—ક્યાંયે૦
ખીલી જોબન ફુલવાડી, પહેરી પચરંગી સાડી;
કંચુકી કમાનવાળી, આંખડી અણિયાળી,
જોવન બહાર જાયરે—ક્યાંરે.
ચંપા કળી સુંદર સરસ, ભ્રમરો સુગંધીના લહે,
કંટક છતાં ગુલાબ કળિપર, ભ્રમરજી રહે;
કસ્તુરી કાળા રંગની, ઉત્તમ સુગંધી છે ભરી,
હું છું રૂપાળી પદમણી તે, મૂર્ખને પાલે પડી—સુનો.

સ્નેહલતા—

અહો એ લટક મટકતી ચાલ ચતુરની જોઈ હરખાઉં,
પળે પળ પાણી થઇ જાઉં,
સ્નેહ તણા કાચા સુતર તાંતણીએ ખેંચાઉં—અહો૦
(અલી જોને,)
સરીતા સાગરમાં ભળું વ્હેલી,

પ્રીય લઇને વીંટળાઇ વેલી;
શાંત સખી થાતી થઇ ઘેલી,
ઉભા રહો અલબેલા, ઉરમાં વસેલા છેલા,
સખી એ છે અંતર મેલા. સ્નેહ—અહો૦

ચન્દ્રગુપ્ત—

કામીઓથી ચેતતી રહેજો ભોળી ભામિનીઓ !
કામીઓથી ચેતતી રહેજો.
વસન્તનો બ્હાર હશે જ્યાં સુધી તમારાં જોબનમાં નંદનવન કેરા,
ત્યાં સુધી તે પંખીઓ લટ્ટુ થઇ વિહરશે, પણ પાનખર
થતે પોબાર જો જો—ભોળી.
ઉગતી જુવાનીની ઉષા મલકાવશે જ્યાં સુધી તમારા મુખ કમળો,
ત્યાં સુધી તે ભ્રમરા રસ ચુમી ચુમી ચૂસશે પણ ઘડપણ
સાંજે તજેલ રોજે—ભોળી.
કેવળ કમલાનન, બિંબોષ્ઠે કુરબાન, માત્ર હરિણ આંખો પર
કામી ભુલે ભાન,
કાળ જતે જેમ જેમ ઝાંખી ઝાંખા થાય, મુખારવિન્દ.
બિંબાધર, હરિણાક્ષીની છાંય,
તેમ તેમ થાય શીતળ કામીકેરી આગ, ચામડાંના
મોહપૂજારીની એ દશાજ—કામી૦

ગીના સુંદરી—

પાષાણની આ પુતળી, પણ હું ન એ શકતો કળી
ચૈતન્ય અંગો અંગ જાણે જીવતી આ પુતળી.
બ્રહ્માજીએ ઘડી તે ઘડી, કોઇ અજબ પળ આવી મળી,
પુનઃ ઘડી શકશે ન એ, આ તુલ્ય બીજી પુતળી.
હા ! બ્રહ્મ કરતાં પ્રેમ વધતો, વાત એ છે નિર્મળી.
પ્રેમે ઘડાવી મુજ પાસે પ્રાણ પ્યારી પુતળી.
આડી નથી મુકાઇ એ તો સીધી પણ બ્હાલી વળી,
એ તો વળે છે કેમ કે, ચૈતન્ય વાળી પુતળી.
રીસાઇને મુજથી નથી ત્યાં તો વળી એ વિમળી,
મુજ મિત્ર ત્યાં ચોડેલ, જોવાને વળી પ્રિય પુતળી.
ચીતરૂં ચતુરાને હું નિત્યે, આરસે કોરૂં વળી,
ચાહી મને ચીતારવા, મુજ ચિત્ર જોતી પુતળી.

નંદબત્રીસી—

ગંગાજળ નિરમળ સમુ, શુધ પવિત્રજ સાર;
તેવું કુળ જો માહરૂં, (તો) પડ પાસા પોંબાર.

હંસ ગયો સરોવર તીરે, દીઠું અમૃત સાર;
પીધા વીણુ પાછો ફર્યો (તો) પડ પાસા પોંબાર.

સત્ય ચુકે જો સાધવી ધરા ન ઝીલે ભાર.
તે ગુણુ જો હોયે મુજ મહીં (તો) પડ પાસા પોંબાર

નાગ મુખે અમૃત ઝરણુ ચોર કને ભંડાર,
કામી પાસ રહે કામીની (તો) પડ પાસા પોંબાર.

મીઠો આંબો સર્વદા, ઉત્તમ ફળ દેનાર;
તેવું કુળ જો માહરૂં, (તો) પડ પાસા પોંબાર

વિમળ કમળ વિલોકીને, ભ્રમર ગયો તે દ્વાર;
દીઠું પણ અડકયો નહીં, (તો) પડ પાસા પોંબાર.

અહલ્યા સીતા દ્રોપદી, સતી ખરી નિરધાર;
તેવું ચિત જો માહરૂં, (તો) પડ પાસા પોંબાર.

ભુખ્યા આગળ જો ધરે ઉત્તમ ભોજન સાર;
ખાધા વિણુ ઉઠે નાહં, (તો) પડ પાસા પોંબાર.

સરસ્વતીચંદ્ર—

શિતળ ચંદ્ર જેવું, વદન કાન્તિમાન;
નયન મીચી લે તું શાન્તિથી વિરામ.
જાણે જઈ ભેટું એવા ઉમળકા આવે છે;
બોલું કંઇ બોલું ત્યાં તો શરમ દબાવે છે.
કાંઇ કાંઈ અંતર થાય, થાય, થાય, ના સ્હેવાય.
થર થર થર કંપે કાયા, સ્વર થરડાએ છે;
ચાલું ત્યાં તો ચરણો અન્યો અન્ય અથડાએ છે;
લાગી લાગી હાં સમર, લ્હાય, લ્હાય, લ્હાય, અસહાય.

જાગોજી જાગો બ્હાલા નિન્દ્રા વીસારી દો,
રાગી થઇ ત્યાગી બ્હાલા, ત્યાગી સમાધી દો,
લળી લળી લાગું હું પાય, પાય, પાય, ઢોળું વાય.

ધી ન્યુ આનન્દે બહાર ગાયનોનાં ૧ થી ૨૪ સુધી પેજ **સુરત** ચકટાના પુલપર આવેલા "શંકર" પ્રી. પ્રેસમાં **નારાયણરાવ લક્ષ્મણરાવ નીકમે** છાપ્યું.

છપાવી પ્રસિદ્ધ કરનાર--**જેકીશનદાસ ત્રીભોવનદાસ.**
ઠે. તાર ઓફીસ--**સુરત.**

વીર કુણાલ—

અમારા દેશને છોડી અમે થાનાર પરદેશી,
હ્રદયને મેળવી લેશો અમારા પ્યાર પરદેશી;
થયા દુર્ભાગીઅા એવા તજાવી દેશની સેવા,
ભટકશું પારકા ઘરમાં બની લાચાર પરદેશી.
અમારા ધર્મનીતિથી અમારી સત્યરીતિથી,
અમે સત્કર્મથી થઈશું હ્રદયના હાર પરદેશી;
અમારા દેશ બંધુઓ અમારી જન્મ ભુમીમાં,
હવે છેલ્લા પ્રણામો છે અમે હદપાર પરદેશી.

સતિ દ્રોપદી—

હું કરૂં આ મેં કર્યું એ માનવી મીથ્યા બકે,
પ્રભુની આજ્ઞા વિના ના પાન પણ હાલી શકે;
ચંદ્ર તારા સુર્યને અહની ગતિ આધીન છે.
કિરતારની ન્યારી કળા જ્યાં સર્વ પ્રાણી દીન છે;
કલ્યાણ દાતા છે વિધાતા સંતના ભગવંતરે,
તે નિરંજન નાથને નમીએ નિરંતર અંતરે.

અમર-લક્ષ્મી—

અમરના કોઈની કાયા, જીવનનો કંઈ ભરૂસો ના;
છતાં પણ વેર ઓ માતા, કર્યા આ જીંદગી માટે?
તમે હુંને જગત આપ્યું, જવાનાં એક વાટે સૌ,
કર્યા છો મારૂં ને તારૂં, કર્યા આ જીંદગી માટે?
હજારો શાહ મુર્શીદો, ને જ્ઞાની બ્રહ્મ વેતાઓ;
ન પત્તો કોઈનો લાગ્યો, હું પદ કર્યા જીંદગી માટે?
જુઠા મનની મુરાદોથી, કહોને કોણ પરખાયું?
કરો આ પાપ શા સારૂં, કહ્યું આ જીંદગી માટે?

વિર વિજય—

કોઈ મારા પ્રીતમને, આ સંદેશો કહાવજો,
મદન શરોની શૈય્યા, કઠણી કોમાર કેરી,
તમારા વિના મેં વ્હેરી, હવે તો નિભાવજો.
વિયોગ અગ્નિએ બાળી, કામ ખુણીની કાયા,
લાગી તમારી માયા, દયા કંઈક લાવજો.

ઝુરીને મરીશું અંતે, પૂર્વના પાપ જોવા,
અમે તો તમાસો જોવા, જરૂરજ આવજો.

શ્રી શંકરાચાર્ય—

સંસાર સુખ દેનારો અમૃતમય મન હરનારો,
સુખીયાં છે સૌ સંસારી સંન્યાસ દુઃખ કરનારો;
ખાવું પીવું પટકુળ પહેરો વળી લલિત લલનાની લ્હેરો,
વાત હૃદયમાં ધારો, ભગવાં તમે ઉતારો.—
દેહ ઉદ્ધારણ ધાર્યાં ભગવા, સાધુ શોભા તે નવ તજવાં,
ભોગ રોગ કરનારો, સંસાર સાપનો ભારો.—
ભાન ભુલ્યા દીસો સન્યાસી, પરણ્યા વીણ પ્રમદા સુખરાશી.
મિથ્યા જન્મ ગમારો, છે પ્રેમ પ્રભુનો પ્યારો.—
અમે પ્રેમ તે તજી વિષયનો, કર્યો પ્રેમ પરિપૂર્ણ અભયનો.
મોહ કૂપ આ ખારો, તજી કર્યો સફળ જન્મારો.—
પ્રિયા કહે આવો પતિ પ્યારા, થાય પુત્ર કહે બાપા મારા,
એ લ્હાવો કંઇ ન્યારો, સંસાર શું વિકારો.—
તોપણ જ્યારે કાયા પડશે, પ્રિયા પુત્રપળભર સૌ રડશે,
આખર કહે પ્રજાળો, પ્રભુ ભજી જીવ ઉદ્ધારો.—

દેવી દમયંતી—

કલિમાંનવની ધર્મ બુદ્ધિ પલટાવે,
મતિ ભુલાવે ભરમાવે.

સાખી

શુદ્ધિ બુદ્ધિ ઉડી જતી, થતાં કલી–સંચાર,
અધર્મનો અધિકારને, અનીતિનો વિસ્તાર;
અન્યાયો અતિ એથી થતાં,
ભવમાં છતાં નયનીલતા સુકી જતાં;
પરિણામ શુભ ન આવે. કલિ૦

સાખી

સેવક કલિના થાય તે, છેવટ નરકે જાય,
જણાય રૌટી ખાતને, નહિં સૌટી દેખાય;
ચાંદરણી એ દિન ચારની,
સુખસારની સંસારની રતિમારની. કલિ૦

ભાવિ પ્રાબલ્ય—

તમે અમમાં અધિક શું જોયું રે, ચતુર શિરોમણિરાજ
અમારા ચતુર શિરોમણીરાજ.
ખીલતી વયની મુગ્ધા આગળ, પોઢા ઝાંખી જણાય;
જોબન જતાં વાર ન લાગે, જેમ ઋતુ બદલાય—અમારા.
પારસ સમ મહારાણી અમારાં, દાસી જાણો કથીર;
ભલે સુંવાળું હોય કદીપણ, સુતર થાય ન હીર—અમારા.
જોબનથી તમે જોતા હશો ભલે, અમમાં હાલ પ્રકાશ;
પણ ખીલેલું પુષ્પ રહેશું, સુંદર બોર મારા—અમારા.

અહલ્યાબાઇ—

દુનીયા તણા દિવાના દીલભર સજનો તુટે.
તુટે જીવનની દોરી આશા જતાં ન છુટે.
બાળક મટી યુવાની આવે ભલે દિવાની.
તન મન ધન મળે તરૂણી આશા જતાં ન છુટે.
આવે પછી બુઢાપો ધોળા થતાં નીમાળા.
રે' બાકી લાકડી ઝાળા આશા જતાં ન છુટે.
પડી જાય દેહ પાપી મરી જાય મન કદાપી.
મળી જાય માટીમા સહુ આશા જતાં ન છુટે.

અહલ્યાબાઇ—

કુધારે હિન્દ વાસીના હૃદયનો ગર્વ ગાળ્યો છે
ઝળકતા હિન્દ ગૌરવનો કુધારે દાટ વાળ્યો છે
અભણ અજાની મા બાપો મહત્તા આબરૂ માટે.
સુતાના શતરૂઓ થઇને ગુંજે પૈસા સુતા સાટે
વિચાર્યા વીણ હૃદય વયનો મરી મીથ્યા ગુમાનીમાં
જડી જે સંતતિ લગ્ને ઝુરે તે જીંદગાનીમાં
ગયા તે બ્રહ્મચર્યાને પ્રીતિ લગ્નો ગયા જ્યાંથી
પ્રજા તે વીર શું પાકે પછી ઉદ્ધાર તે ક્યાંથી,

દેવી ભદ્રકાળી—

બને જો કાન્ત તું મારો સકળ સંસાર મારો છે;
થતાં તારી પ્રિયા જાણીશ જગદાધાર મારો છે—બને૦
મહીલી આંખ તારી જોઇ હું ચકચૂર બેઠી છું
બની બેહોશ છું હું તું ખરો હુશિયાર મારો છે—બને૦

ન ચારે ધામમાં કે તીર્થમાં કે દેવ મંદિરમાં:
બનીને મન વસ્યો મનમાંજ તું મનહાર મારો છે-બને૦
કહે છે લોક પોકારી વિકારી પ્રેમ અંધો છે,
રસીલા, પ્રેમ તારો પ્રાણનો આધાર મારો છે-બને૦

વીર કેસરી—

ખરા તે હીંદના સંતાન, લડે જે હીંદને કાજે,
લડે જે હીંદને કાજે, મરે જે હીંદને કાજે.
ડુબાતો દેશને દેખી, ચડે વારે ઉમંગેથી,
પ્રભુ કે બાદશાહોથી, ઝુઝે જે હીંદને કાજે,
ન મોહે માયા મહોબતમાં, ન લોભે માલ દોલતમાં,
જીવન જર પ્રાણ સૌ પલમાં, તજે જે હીંદને કાજે.
યતો ધર્મ સ્તતો જય છે, કરો યાહોમ શો ભય છે.
અમરતે થાય નિશ્ચય છે, મરે જે હીંદને કાજે.

વીરદુર્ગાદાસ—

સોગન લઉં નંદા ચંદાના સોગન લઉં
સોગન અમારા કેવાં ગણીને ?
તમને વહુ દીકરી માનીને. સોગન ખોટા લઉં જાણીને-સોગન૦
મતિ પિતાની હવે સુધરશે.
વંદન નંદાને મળી જશે, સોગન લીધેલા ફળી જશે-સોગન૦

તારા-સુંદરી—

વ્હેલા વળજો વાલમ મારા તનમન સોંપ્યું તમનેરે.
ચતુરા ચોરી ચીતડું લીધું ચેન પડે નહિ અમનેરે.
મને બાવરી બનાવી તમે વા'લમાં,
રમે ભોગી આ રસિક તુજ વા'લમાં,
વેલા વળજો ખચીત. ગોરી સોંપ્યું આચિત.
વા'લા વિસારી નાદેશો ચુકે અલીકળી કહેશો,
વારેવા, વારેવા, હવે નીરખીશ પ્રીય તમનેરે—

દેવી દમયંતી—

પ્રકાશવાની વાસના હું વાળો સમ્રાટ કેરા સાળો,
શૈલરાજ હું નીહાળો.
અધિકારથી મનાફસ હું રચાળો દેવતાઇ ચાંસલાળો.
વાહવહ હું સુણાળો,

નખરાળી નારને નયને નીહાળી આવે છે વાળને ઉછાળો
કાલો કાલો થઇ વહાલો બનીને વાળું છું જબરો ગોટાળો
ભાઇ ભાઇ વાળું છું જબરો ગોટાળો
પ્રકાશવાની વાસના હું વાળો
મીઠડા બોલો મન મોજીલો રાજવી હું રઢીઆળો
ચંદના રજવી હું રઢીઆળો.
ગગન ધુને ધુમકેતુ પુચ્છાળો ઉત્પાત જાતવાળો—છું કેવો
અટકચાળો શેલરાજ હું નીહાળો
પ્રકાશવાની વાસના હું વાળો.

કંસવધ—

કાનુડા તારી, કામણુ કરનારી
વ્રજમાં વાંસલડી વાગી,
મોરી વળી મોહક, મનવશ કરનારી—વ્રજમાં.
મનવશ કરનારી, સ્વર સુણતાં લાગે સુખકારી;
હું ઘેલી; તમવિણુ થઈ છું ગિરધારી—વ્રજમાં

અશ્રમતી—

(શિખરિણીછંદ)

મરે ભુખ્ખે ભાળે, મૃગપતિ કદીના તૃણુચરે,
તપે તાપે તોએ સુખડના સુગંધી પરહરે;
પ્રતાપી રાણાજી વિપત સહીના ધર્મ વિસરે,
સદા તેથી તારી દુશ્મન મુખે કીરતિ ઉચરે.
નથી કોઈની લક્ષ્મી મરણુ વખતે સાથ મળતી,
નથી વાડી લાડી મરણુ સમયે સાથ કરતી;
રહે રાણા નિત્યે મરણુ પછીથી એક કીરતિ,
પ્રતાપી તેતો તું પુરણુ કરતા પાય પડતી.

સુકન્યાસાવીત્રિ—

લગન તે શું સમજો છો ખેલ સાહેલી,
સુચવણી સમજણી નથી એની સહેલી;
મુકયાં હાવે દુખને નથી એની સહેલી;
જીવિતણો ખેલ શકે કોણુ ખેલી—લગન તે૦
જોગી તણી સંગે બની જાવું જોગી,
રોગી તણી સંગે રહી કરવો નિરોગી;

પ્રારબ્ધે જે મેળવ્યો ભોગીકે રોગી,
ભોગવવાં તે સુખ દુઃખ થઇને સંયોગી—લગન તે૦
વ્હાયે બાળા ભોળી બની ભવ બાળે
વ્હાયે પુર્વે જન્મનાં પાપો પ્રજાળે;
નથી ફળ લેવાનું એકે ઉછાળે,
મોતી તો પાકે છે ઉંડે પાતાળે—લગન તે૦

ઊમાદેવડી—

જાજારે શું રીસાય રસાલી, નજર મીલાવા લે (૨)
ચટપટી ચિતમાં લાગી ચતુરા ચ્હેરો જોવા દે.—
હીરા મોતી માગ્ય મધુરી ઝાંઝર ઝુમણા લે,
મદન અગન તનમાં લાગેલી તરત બુઝાવી દે.—
અમનાનથી રહેતીરે સલુણી મરમ વચન મુકી દે.
કલ્પલતા છબીલી તુજ છાયે, પામર પંખીલે.—

ન્યાય સિંધુ—

મુરખ મન મરતાનેરે માયામાં મોહ ધરી,
હરિ હીરો ગુમાવેરે હિણાભાગી હાથે કરી—મુરખ૦
કામ ક્રોધ મદ મોહ તજોજી રટો રામ દીન રાત
ધન યોવનનું માન નકામું, ચારદિનની વાત—મુરખ૦
હરતા ફરતા પાય દીધાજી, હાથ ધરમને કાજ,
મુખ દીધું છે હરિ ભજવાને, કરણી જોઇ લાજ—મુરખ૦

સુકન્યા સાવિત્રિ—

અહો ભાગ્ય જગમાં તે નરનું જેને મળી શીયળવતી નારી,
જે ભવ સાગર દે તારી, કુળવતી કુળ લાજ વધારી;—અહો.
જે કામનીએ કંથ માટે કાર્ય પણ દુષ્કર કર્યું,
કરવા સુખી નીજ નાથને અતિ પ્રેમથી તપ આદર્યું;
પતિ ધ્યાન હરનિશ ધારી, સતિ અનુપમ વરનારી.—અહો.

દાનેશ્રી કરણ—

વિષય વાસના પાચ પંચની સરણી છે બહુ ભયકારી
ચડે જે વિના વિચારે પડે દુઃખ દવમાં ભારી. વિ.
અહલ્યા હતી સુનારી, મતિ ધારી દુરાચારી
શાપે બની શલ્યા ભારી, જગતે ગણી અકારી વિ.

સાખી

શીયળ સમ સદ્‌ગુણના અન્ય જગતમાં એક,
સન્નારી મન ધારતી રાખી નિશદિન ટેક.
કુછંદી કઢંગી નારી, દોયે ધર્મને વિસારી,
અંતમાં રિબાય ભારી, મળે સુખની ન બારી. ત્રિ.

વીણા-વેલી—

જો જો કૌતુક જગનું કામ સમાયે ઠગનું,
સાધુ વા ખાય, ને પાપડી પુજાય, ભમા ખમારે થાય—જો૦
સાચો કુટાય, અને જુઠો મનાય, ગોલંપોલ ચાલ્યું જાય—જો૦
પોપટ પુરીને પુરૂ પાંજરે ન પાણી પાય,
માસો કહીને દુધ સાપને જો દેવા જાય.
દુનિયા !—દુનિયા !—વાહરે વાહ દુનિયા !
બકરાંની દાદ દેખી વાઘની નહિ દાદ થાય.
ઘરના તો ચાટે ઘંટી બંટી બાવાજી ખાય:
ગરીબ રહે હાથ ઘસતાં, મારનાં મીયાં પુજાય-દુનિ૦

ચંદ્ર ગુપ્ત—

એક પત્નીવ્રતપાન પીઓ નર ! એક પત્નીવ્રતપાન
સ્ત્રીને પતિવ્રત તેમ તમારૂં પત્નીવ્રતે કલ્યાણ—પીઓ.
તમે ચાહો કે નારી તમારી હો સતી સીતા સમાન,
ઉદાહરણ રૂપ રામ બનો ખુદ પવિત્રતાનું પ્રમાણ—પીઓ.
પાણિગ્રહણ સમય માની બંનેએ પ્રતિજ્ઞા આણ,
કોઇ એક બીજાનો તોડે તે છે પશુ હેવાન—પીઓ.
જેનાં માત તાતનાં બુન્દ રજ, વીર્ય અનીતિમાન,
તેના સુત પત્નીવ્રત ચૂકી થશે વિષયિલાશ્વાન—પીઓ.
નીજ પત્નીનાં અંગ અંગને દિયો અમી કુપ ઉપમાન.
ધાઇ ધાઇ તેના રસઘુંટડે લિયો અમરતા લાણુ—પીઓ.

અમર-લક્ષ્મી—

જાઉં છું હું જાઉં છું ? ત્યાં આવશો કોઇ નહીં
સો સો દિવાલો બાંધતાં ત્યાં ફાવશો કોઇ નહીં ?
મારી કબર બાંધી અહીંયા કોઇને સુવાડજો,
હું જ્યાં દટાઉં ત્યાં કુસોને વેરશો કોઇ નહીં ?
સાહના પણ શાહ કંઇ ઉડી ગયા સો ખાક થઈ,

છે કોઇની પૃથ્વી નહિ ના કોઇની સાથે ગઇ,
આલમ બધીનું તત્વને આ જીંદગીનું સત્વ સૌ,
આખરે તો એક સાચી છે સનમની બંદગી...જાઉં છું.

માયાવી-મોહિનિ—

ફરહાદ યુસુફ મજનૂ જેનાં આશકોમાં નામ,
તે સર્વને બનાઉં મ્હારા ઘર તણા ગુલામ.
ભૂલાઇ જાય દુનિયામાંથી સજ્જનો ગુલફામ,
બસ મ્હારી સાથે આશકીનું નામ પણ તમામ.

(કોરસ)

એ કદર કવિ બધા, રસ હીણા રસ નણે શું આ;
લખ્યા છે પ્યારના કિસ્સા, પણ મુજ પ્રેમથી અજાણ.

× + × ×

કલમ બનાવી અસ્તરા કવા બન્યા હજામ,
ઝાડી ઝુંડી મુંડી નાંખ્યો પ્રેમને તમામ;
કિતાબખાનું શાનું એ હજામનું હમામ.
કે જેમાં મ્હારા પ્યારનું નિશાન કે ન નામ.

નવલ શકુંતલા—

પ્રીત પરદેશીની નવ કરીએ ઓ સાહેલડી
દીયે દગોરે મન મેલડાં—
દીલડું પરદેશીને નવ દઇએ ઓ સાહેલડી
સંચરે છોડીને એ છેલડા—
લાજ લાખેણી લુંટી માયા મોંઘી લે ઝુંટી
ફોગટ ફરવું શું ફટ ફટકેલડા—સાહેલડી.
પ્રીત સારસની સાચી રંગત દુનિયાની કાચી
મનને મારી મરવું એકેલડા—પ્રીત.

બેવફા-બેટી—

એક બદલે બીજીથી અથડાવી માથા ભટકાવી
તારી વૈરીથી જ્યારે મળે—
જોજે દીકરા મારા ગોલ્ડન
આ સેમ્પસની સુરંગ બીછાવેલી જ્યારે છે
સમજ જે મુખંતા તેં જે સાહસ આ કરેલું છે
ગણીને હાંખ્યો તે ડાહ્યો તારું માથું ફરેલું છે
હું તારા ઘરનો કદર લાલ એ તેં વીસરેલું છે.

ભાવિ પ્રાબલ્ય—

હું તો પરણી છું (૨) નવાં નવાં નિત્ય પતિથી લેવા લ્હાણું,
ત્યાં તો વાતે વાતે ઢંગ તમારા, જોતાં વાયા વ્હાણાં;
નથી પૈસાનાં ઠેકાણાં, ક્યાંથી લાવું રાણી ! લ્હાણાં.—હું તો.
મેં જાણ્યું જે કોડ મારા, પૂરા પૂરશે શાણા !
ત્યાં તો પરણી પહેલે આણે, જોઇ હાડ પરતાણા:
ઘરમાં એક છીપ્પર, બે પાણા ખખડે ભાણાં.-હું તો.
હું માગીશ તે જોશે મુજને, નહિ થાય પરીયાણાં,
મન માન્યાં આભૂષણ પહેરી, હરશું ફરશું રાણા !
ઠાલી ઠકરાઇનાં ઠકરાણાં, છાનાં વીંઝુ છાણાં.—હું તો.
ભાતભાતના મીઠાં ભોજન, જોશે મજાનાં ખાણાં,
મોજ માણવા પરણી છું, નથી આવી દળવા દાણાં;
લુખાં લાડને ખાઓ ખાસડાં, સંસારમાં સપડાણાં-હું તો.

રા'ખેંગાર ને રાણકદેવી—

ખેંગાર તે ખુબરે કીધા રે, કન્યા સિદ્ધરાજની લીધી;
જોતરી જાનું રથ ના ખાતી, જુએ વીવાની વાટ;
પાટણ પોંખવા ન દીધાંરે, ખેંગાર.
રંગની રેલું જુનારેગઢમાં, ચાલી બજારે બજ્જર;
માગણ મોજું શું દીધારે, ખેંગાર.
મલક આખામાં વાતું રે ચાલી, ડંકો દીધો દેશમાંય;
લાજ સોળ કીની લીધીરે, ખેંગાર.
આણાણું ચાલ્યું આવ્યું, મઝેવડી, દેશળજી સંગાત;
રથે બેસાડી લીધીરે, ખેંગાર.
માળવે જઇને માન ભરાણું, લેવીતી સોરઠની નાર;
માથામાં ખુબરે દીધીરે, ખેંગાર
બાર વરસથી શેકલાં શેકે, નજરે ન નીરખી નાર;
બારોટે ચડાવી ચીંધીરે, ખેંગાર
પદમણીના પ્રેમમાં ઝુલે, સોરઠનો સરદાર;
રમાડે કુંવર રીઝીરે, ખેંગાર.

અનસુયા—

ચાહો જો તમે નરેશ દેશને કરવા આબાદાન (૨)
પ્રથમ પગથીયું હાથ કરી લ્યો-દ્યો માતાને જ્ઞાન-ચાહો.
હોય જો માતાઓ ગુણવાન

એકજ ભુલ—

આપણે કરશું વકીલાત ત્યારે ભરશે કોણ પાણી ?
પછી ધણી ધણીયાણી થઇને મ્હાલશે રે બા.
આપણે પેરશું પાટલુન બુટ કોટ નેકટાઇ,
પછી ધણી સેંથા ટપકી પાડી નાચરે બા.
આપણે થાશું સોલજર કરશું કુચ ફ્રરરર.
વરછી લેઈ બા ચોળી પહેરી સાચવશે ઘર.
ઘાઘરા પલટણ કરશે દેશનો ઉદ્ધાર.
ઓ મારાં હીંદ તારો થઇ ગયો બેડો પાર !—કરશું.

સતી દમયંતી—

જાઓ સિધાવો બાળ અમારાં અંતરનાં આરામ,
મળીશું ફરીને મેળવશે જો ભકતવત્સલ ભગવાન—
હાય અભાગી અમ પામરપર આવ્યો દુષ્કર યોગ.
બાળ અમે લાચાર ન સહીયે માતા તાત વિયોગ રે—
નીર વિનાની સરિતા સુની વચ્છવિના સુની ગાય,
પાંખવિના સુની પંખીણી જેવી બાળ વિના સુની માવરે—
સારાં નરસાં યશ અપયશના વડીલ કરે જે કામ,
ભોગવવાં પડે સર્વ સ્વજનને તેના જે પરિણામ રે—

સતી દમયંતી—

હું વારી મનહરનારા
શા બોલ મધુરા તારા
વાહ છેલ છબીલા પ્યારા
હું વારી તારાપર પ્રિય પ્યારા
ઓ લલના મારી દીલભર પ્યારી
હું તારાપર વારી શી સુંદર સુરત તારી
હું સેવક તારો હું પ્રાણ પ્યારી
હા રંગીલા છેલ ફાંકડા નખરા કરતા શાને
હાથેવાળો કોણે કર્યો છે લીસાબ પીળે પાને
મતવાળા લ્હેરીલાલા છેલ મારા પ્રાણ પ્યારા,
છો ઠગારા—

આનંદ-લહરી—

અરે હાં છબીલી ! છણકો છોડી
આ છબીલાને છાતીએ લગાવો —અરે૦
પ્રીત અધરામૃત પાઓ
તરસ્યાં ના તલસાવોરે —અરે૦
હાં હાં અલબેલા ! આઘા રહો
અડશો નહિ મુજને જાવા દો.
હવે થાવા દો મન માન્યું માનિનિ ! થાવા દો
હવે જાવા દો હવે જાવા દો
જાઓ! ક્યાં આવો આવોરે —અરે૦

બાકી-પુતલા—

તપ કરના અગ જંગલ જાએ તપ કરના
પ્યારે હરદમ રબસે ડરના.
બાર બાર નહી આવે જનમ નર કામ ભલે કુચ્છ કરના,
પાક બન દીલ સાફ રખ અઔર યાદ કર ગફફારકી.
ખાક હય બેબાક હય યેહ જીન્દગી દીન ચારકી.

× + × +

દીલપે જબ્બ કર. ખો ન સબ્બ, નહી આફતસે ઘબરાના,
રખ ભરોસા તુ ખુદાપર રાહબર ઈનસાનકા.
ટાલ દેગા સબ મુસીબત ધ્યાન ધર રહેમનકા.

× × × ×

દીલકા થામ, બચ, કુચ્છ ખીયાલ કર ધોકેમે નહી આના.
ફંદા હય યેહ તુજપે બન્દે, જાલ હય શયતાનકા;
મત ઉલઝ તુ ઈસમે પ્યારે, હએ જરર ઈમાનકા.

બાકી-પુતલા—

રંડી નહી કીસીકી યાર અએ ઘરબાર લુટાનેવાલે ?
હએ જુઠા ઈસકા પ્યાર, સબ નકલી કારોબાર,
ઈસમે નફા નહી હએ યાર, અએ ઘરબાર લુટાનેવાલે.
ઈસને દેખા સેઠ હએ ઉસકા, યેહ જાલમે લાઈ ઉસકો,
ખાકે માલ કહા તુમ ખીસકો, અએ બેટા મુરગીવાલે—
ઉસકે પાસ હો ડેમ્બલર મોટર, બસ-મગર રંડી ઉસપર.
ફીર ઉસકા ઉડાયા છપ્પર, છકડા બન ગયે મોટરવાલે.

ઉછેરે રૂડી રીતે સંતાન,
કરાવી જ્ઞાન સુધારસ પાન—દેશને,
કેળવણી વિણ નીલમને માણેક પથ્થર કહેવાય.
કેળવણીથી વિષ હળાહળ પણ અમૃત થઈ જાય,
નથી જ્યાં સુધી સુશિક્ષીત નાર.
કહાવે અર્ધ દગ્ધ સંસાર.
વ્યર્થ તે વિના પ્રયત્ન હજાર—દેશને.

બલિરાજા—

વિશ્વના વિહારી, વારી વારી બલિહારી નાથ,
ત્રિભુવન અકળિત કળા તમારી બલિહારી નાથ,
સુખકર દુઃખહર નટવર દીનના,
તન મનના નિજ જનના પ્રભુ પ્રણત પાળ—વિશ્વ.
ભક્ત મણિ બિરદ પાળ સ્વામી,
બહુ નામી, સુખ ધામી કેશવ કૃપાળ—વિશ્વ.

જરાસંધ—

તારી મારી જોડી તું ઘોડી હું ઘોડો છું ઉતરેલ ટ્રામનો.
છું મોંઘા દામનો અરબી ગામનો.
જા જા તું શું મારે કામનો—તારી.
જાણી તમારી આવી ઠગાઈ.
મ્હેરો તું જોઇ લે ગુલફામનો—તારી.
રીસાવો શાના.
ફોકો વટાણા માનતો નથી બુડી રાંડનો—તારી.

જરાસંધ—

રઢીયાળા અંતરમાં લાગ્યું પ્રેમબાણ.
તીક્ષણ તીરે ઘાયલ કીધી તે ઉદયભાણ—રઢીયા.
છો ચીતની હરનારી તું શાણી સુજાણ,
આવો ભેટો લીયોને પ્રીત રીત લ્હાણ—રઢીયા.
સુધાકર મારા છો આંખોના તારા છો,
પ્રીતીની પ્યાલીયો લુટી લુટાવો.
વ્હાલીને ભેટી વ્હાલા સુખી થાવો.
જાવ.
બસ,
નહિ તો.
મારા સમ..........................રઢીયા.

છત્ર વિજય:—

નથી દીઠાં દુ:ખો તમને ન ત્રાસે તમને બાળ્યાં છે,
અમારાં બાળનો હક દઇ તમારાં બાળ પાળ્યાં છે.
અમારાં દેહનાં દૈવત નીચોવી તમને અર્પ્યાં છે.
કરાવી પાન પયનાંને જીવન તમને સમર્પ્યાં છે.
અરે ઓ હિન્દના વાસી શું બદલો એહ આપો છો.
બનાવી ચર્મના જોડા, છરાથી ગળા કાપો છો.

છત્ર વિજય—

પાતલીઆ પાલવ છોડો કોઇ જોઇ જાશે.
નખરાળાં શીદ તરછોડો મારો જીવ જાશે.
ભોળી ભાળી હું બાળ કુંવારી.
બાજો બોજો હું છું બ્રમચારી.
છોડો છોડો મારો હાથ મરડાઈ જાય છે—
આના આવા ચાળા જોઇ લાય લાય થાય છે.
કાં શું થાય છે?
મારો જીવ જાય છે. અરે હાય હાય હાય

છત્ર વિજય—

સખી જેને કાંટો વાગ્યો ફુલડાં કેમ વીણ્યાં આ જાય?
છે જરાક જેવો કાંટો પણ અંતરમાં ઉંડે લાય–સખી•
પીડા કારમી હૃદયે જાગી ઝીણું ઝીણું ખટકે ઓયમા,
શું થાય કંઇ સમજાય નહિં જીવ જાય–મધુરે ચટકે–અરરર
પીડા આ શી કહેવાય? ના રહેવાય,
જીવડો જાય અરરરરર લવક થાય—સખી

છત્ર વિજય—

આશીષ બાપુ આપો,
અહીંઆંથી વંજો. માપો.
મારા રાજા ચાલાકી આનું નામ છે,
તાલ કેવો કીધો?
બગલા ઠગો તેં દીઠો.
આ સિંહ તણો ચાલાકીથી શીકાર પડાવી લીધો—મારા•
ભોગ લાગ્યા મારા મેં બગલાને ઘરમાં ઘાલ્યો.

ગોટાળો ગંભીર કર્યો ને બુલબુલ આ લઇ ચાલ્યો—
(ચાલરે મારા વ્હાલા-લટકાળા લ્હેરી લાલા)
ફેશર શીદ કરો છો ચાળા ?
તમને લઇ જાય મોટરવાળા—મારા૦

છત્ર વિજય—

(આ ગાયન સાથે ગાવાની છુટ છે.)
ઇકકે મીલકર ઉઠો બીરાદર.
પુકારો શંકર અલ્લાહ હો અકબર
બીરાદરીસેં મીલો બીરાદર.
રખો ન કીના હીરદેકે અંદર.
પ્યાલે ઝમઝમકે પી બ્રહ્મન;
વઝુ હો ગંગાકે જલસે મોમીન.
કરો તીલાવત કુરાંકી હિન્દુ.
પઢો મુસલમાન વેદ મંતર.
કરીમ કહેદો યા કૃષ્ણ કહેદે;
મકાન કાબા મુકામ અંદર.—ઇકકે.

એકજ ભૂલ—

વકિલાત અચ્છી કરી વાહવા !
શી વાત અચ્છી કરી વાહવા !
ખુબી ભરી વાહવા ! અરે વાહવા !—વકીલાત.
ક્રોસ એગ્ઝામીનીશન કેવી હુશીયારી ભરી વાહવા !
અરે ! શું તોફાન ! શી કજેતી ! જાવા દેને.
વાહવા !
પુરા બારીસ્ટર થાવા, છો કબુલ શિષ્ય કહેવરાવા ?
આહાહાહાહા..........................વકીલાત.

નુરે-વતન—

સંસારમેં દસ્તબસ્તી અપના હો ફાએદા,
કુછ લીજે, કુછ દીજે, મતલબકા હો સઓદા,
ચાહે અઉર હો અંગારોમેં, લેકીન હમ રહે ગુલજારોમે,
એહ જાના જીનસે જગમે વલ્લાહ ! હમે શ્યાના

"અગર આબાદ રહેના ચાહતા હએ દારેફાનીમેં
"જમાના દેખકર ચલ તુ તરીકે જીન્દગાનીમે"
"નજરઆે રંગ તુજકો આય; તુ ઉસ રંગમેં મીલજા"
"વોહી તાસીર પએદા કર; જો હએ તાસીર પાનીમે."

નુરે-વતન—

મોટરવાલોને મેરા લીયા દીલ,
જીસકે ટાયરકે નીચે દબા દીલ,
જીસકે પેટરોલમેં મેરા બહા દીલ, મએ કુરબાન
નીગાહ મેરી જાદુ, નજર તેરી અફસુ, દોનોકે સયે હએં વા
જાન તેરી મોટરપે સદકે હુવા દીલ
કટેંગી રાતે જવાનીકી મુરાદોકે ખુન.
હો બહાર પ્યારે રંગ રલીયાં મનાએ.

નુરે-વતન—

બાઝારે ઈશ્કમે ગાહક હએ કોઈ પુકારો !
મઓસમી મેવા હું મએ સસ્તા ! ખરીદારો ! !
સીનેપે ઉભરે હુવે દો અનાર હએ;
દીનુ એહ શબાબકે કએસે પુરબહાર હએ:
"ન કોઈ મુજકો એહ ફરમાએ બેવફા દીલ હું."
"અનોખી જીન્સ હું; પ્યારા હું બાહયા દીલ હું."
"ભરી હએ દર્દે મુહબ્બતને બીજલીયાં મુજમે,"
"ખરીદ્દ્દુસે કોઇ મુજકો ચુલબુલા દીલ હું."

પૃથ્વી પુત્ર—

લલનાની લગનીથી લોકો લગન કરી પટલાયે
મુરખ માનવ માયામય થઈ મૃગજળ પીવા જાયે
જુઠ્ઠી જગની માયા દેખી દૂર થાયે ડાહ્યા
જગનાથે આ જગમાં સરજી કાયા સંગે માયા
હરિહરને બ્રહ્મા જેવા પણ માયા પૂંઠે ધાયા
શીતળ માયા છાયા વ્યર્થ શું થાઓ ડાહ્યા
ગૃહસંસારનું દુઃખ જોઇને જંગલ સંગત કરતા
ત્રિયાના તાપે ત્રિલોચન વનમાં તપ આચરતા
વનિતા વિષની વેલી એમાં શી આનંદ કેલી

ભરમાયા ભામામાં ભોળા ભાન ભૂલીને ભમતા
જ્ઞાન મહીં જ્ઞાની છો તેથી આ ગુણીવલ્લને ગમતા
વલ્લભ લ્યો વિચારી અમે ભોળા બ્રહ્મચારી

પૃથ્વી પુત્ર—

ગઝલ

નથી પરવા જીવન ધનની ફના અંતે થનારૂં છે
તો સ્વામીના વચનપરથી સમર્પણ સૌ અમારૂં છે—
અખિલ જગમાં વિરલ મિત્રો વિરલ આત્મા સમર્પણ છે,
પરાર્થે આ જીવન દેવું વિરલ જનનેજ પ્યારૂં છે—
બને સુરમો નયનનો તો નયન મારાં ધરૂં ચરણે,
બને જુતાં ત્વચાનાં તો શરીર સ્વામી તમારૂં છે—

પૃથ્વી પુત્ર—

મુખડા કયા દેખે દરપનમેં કછુ દયા ધરમ નહીં મનમેં—
જબ લગ ફૂલ રહી ફુલવાડી વાસ રહે નિજ ફુલમેં
એક દીન અયસી હો જાવેગી ધાન ઉડેગી તનમેં—મુખડા
ચુવા ચંદન અબીર અરગજા શોભે ગોરે તનમેં
ધન જોબન ડુંગરકા પાની ઢલ જાવેગા છનમેં—મુખડા
કાડી કૌડી માયા જોડી સુરત રહે નીજ ધનમેં
દસ દરવાજે ઘેર લીયે જબ રહે ગઈ મનકી મનમેં—મુખડાં

પૃથ્વી પુત્ર—

આવી આવી વસંતની બહાર સુની મારી સેજલડી
તોયે આવ્યાં ન હૈયાં કેરા હાર સુની મારી સેજલડી
લાવો લાવો સમજાવી સુંદર શ્યામ શ્યામ શ્યામ
આવો આવો અંતરનાં આરામ સુની મારી સેજલડી
મોહ બોલી કોકિલા કરે મધુર ટહુકાર
વીરહે વ્યાકુળ વલ્લભા દેતી શ્રાપ હજાર
મને ગમતાં મોહનલાલા અંતર છો વિહ્‌વલ વ્હાલા
પ્રીતિ ધારા વરસાવો શાને તરસાવો
ફુલ શૈયા સોહાવો ફુલ બાણુ વીંધે પ્રાણ
આ સુની મારી સેજલડી—

જે. જે. એન્ડ કું.ના પુસ્તકો

❋ મળવાના ઠેકાણા. ❋

જે. જે. એન્ડ કું. તાર ઑફીસ સામે—સુરત.

મણીલાલ ભાઈશંકર સ્ટેશનરોડ—સુરત.

વસનજી પરમાણંદ કાલબાદેવીરોડ—મુંબઈ.

"ભારત સેવા" એજન્સી કબીરપુરા—ભરૂચ.

તથા જાણીતા બુકસેલરો પાસેથી મળશે.

આ પુસ્તકના પાના ૨૫થી ૪૦ સુધી તથા ટાઇટલ પેજ સુરત સ્ટેશનરોડ ઉપર, તાર ઑફીસ સામે આવેલા **શ્રી "મહાશક્તિ" પ્રિન્ટીંગ વર્કસમાં ચંપકલાલ ગિરધરલાલ જરીવાળાએ** છાપ્યાં.